<u>Gujarati-Book</u>

**<u>SANSANG-BHAJAN-SANGRAH</u>**

Famous Gujarati & Hindi Bhajans

: By :
Sulochanaben Dhruvkumar Dave
(Inspiration by-My Mom Indu and Dad Pravinbhai)

August-2017
www.gitgurjari.blogspot.com
Email-suludave@gmail.com

# સત્સંગ-ભજન-સંગ્રહ

**પ્રચલિત ગુજરાતી-હિન્દી ભજનો**

: વિનમ્રકરણ :
સુલોચનાબેન ધ્રુવકુમાર દવે
(મા ઇન્દુ અને પિતા પ્રવીણભાઈની પ્રેરણાથી)

એપ્રિલ -૨૦૧૬
www.gitgurjari.blogspot.com
Email-suludave@gmail.com

******

Book Edited and Designed By
Anil Pravinbhai Shukla
www.sivohm.com
Email- lalaji@sivohm.com

# અનુક્રમણિકા

1. જૂનું તો થયું રે દેવળ 4
2. હે કરુણાના કરનારા 4
3. હાંરે વહાલા અરજી અમારી 5
4. હરિ તારા નામ છે હજાર 6
5. મંગલ મંદિર ખોલો 6
6. એકલા જ આવ્યા 7
7. હંસલો ચાલ્યો જવાનો એક્લો 7
8. શંભુ  ચરણે પડી 8
9. મારા ઘટમાં બિરાજતા શ્રી નાથજી 9
10. નૈયા ઝૂકાવી મેં તો 10
11. હે નાથ જોડી હાથ પાયે પ્રેમથી સહુ માંગીએ 11
12. નંદબાવા ને માતા જશોદાજી સાંભળે 12
13. હું પદ હૈયે થી ના જાય 12
14. જીવ શાને ફરે છે ગુમાનમાં 14
15. આંખના પલકારામાં તારું જીવન 14
16. અખિલ બ્રહ્માંડ માં એક તું શ્રીહરિ 15
17. સમય મારો સાધજે વ્હાલા 15
18. આ જિંદગીના ચોપડામાં 16
19. મૈત્રીભાવનું પવિત્ર ઝરણું 17
20. આપજે તારા અંતર નો એક તાર 17
21. ગુરુજીના નામની હો માળા 18
22. જશોદા તારા કાનુડા ને 18
23. હરિને ભજતાં હજુ કોઈની લાજ જતા 19
24. તારે રે ભરોસે ભવ મુક્યો મારો 19
25. હાં રે સખી આજ ની ઘડી 20
26. જળકમળ છાંડી જા ને બાળા 21
27. પંછીડાને આ પીંજરું 22
28. રાખના રમકડાં 22
29. શ્રી કૃષ્ણ શરણં મમ 23
30. એવું શ્રી વલ્લભ પ્રભુનું નામ 24
31. ગોવિંદો પ્રાણ અમારો રે 25
32. મન તું શંકર ભજી લે 25
33. મુખડાની માયા લાગી રે 26
34. મંદિર તારું વિશ્વ રૂપાળું 26
35. જમુના જળમાં કેસર ઘોળી 27
36. જવા દો જી નૌકા કિનારે કિનારે 28
37. મારી હુંડી સ્વીકારો મહારાજ 28
38. પ્રભુજી એટલું આપજો 29
39. વૈષ્ણવજન તો તેને કહીએ 29
40. નાગર નંદાજીના લાલ 30
41. વાગે છે રે વાગે છે 31

42. કાનુડે ન જાણી મારી પીડ 32
43. સૂજ વિના અંધારૂં 33
44. માડી તારું કંકુ ખર્યું 33
45. દયા ના સાગર થઈ ને 34
46. નિત્ય નિત્ય ભજીએ તારું નામ 34
47. આશાભર્યા તે અમે આવિયાં 35
48. ખમ્મા મારા નંદાજી લાલ 36
49. લવિંગ કેરી લાકડીએ 36
50. આજે સૌને જય શ્રી કૃષ્ણ 37
51. મીઠે રસસે ભરેલી રાધા રાની 38
52. માડી તારું કંકુ ખર્યું 39
53. કાના માંગુ તારી પાસ 40
54. કરી તો જુવો કોઇ કરી તો જુવો 41
55. મારૂ ઘર સાચવજે ગોવિંદા 42
56. હો ડાકોરવાળા તારે ને મારે 43
57. જેને ભક્તિમાં આનંદ 44
58. ઓ વિશ્વપતિ તારા વિશ્વાસે 45
59. વિધિ ના લખીયા લેખ લલાટે 45
60. નંદલાલ આવજો હો આજે એકાદશી 46
61. મારે એકાદશી નો ઉપવાસ 47
62. થાળ-મારે મંદિરિયે આજે કીધા છે 48
63. થાળ -મારા રસ ભીના તમને 49
64. ૐ તત સત શ્રી નારાયણ 49
65. અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા 50
66. ધર્મ અમારો એક માત્ર 50
67. જ્યોતિરૂપ તું તારણહાર 51
68. સ્વીકારજો છેલ્લી અમારી પ્રાર્થના 51
69. મંદિર તારું વિશ્વ રૂપાળું 52
70. કોની જુએ છે તું વાટ 52
71. તું તારા દિલ નો દીવો થાને 53
72. ના દો તો પ્રભુ ભલે ન દેશો દર્શન 53
73. હમકો મન કી શક્તિ દેના 54
74. રાધાને માલા જપી શ્યામ કી 54
75. કૃષ્ણ ગોવિંદ ગોપાલ ગાતે ચલો 55
76. મોહે પનઘટ પે નંદલાલ 56
77. વૃંદાવન કા કૃષ્ણ કનૈયા 56
78. દર્શન દો ઘનશ્યામ નાથ 57
79. શ્રી રામચંદ્ર કૃપાળુ ભજ મન 57
80. અધ્યાય-૧૫ -પુરુષોત્તમયોગ--ભગવદ ગીતા 58
81. અધ્યાય-૧૨- ભક્તિયોગ--ભગવદ ગીતા 60

## જૂનું તો થયું રે દેવળ

જૂનું તો થયું રે દેવળ જૂનું તો થયું
મારો હંસલો નાનોને દેવળ જૂનું તો થયું

આ રે કાયા રે હંસા ડોલવાને લાગી રે
પડી ગયા દાંત માંયલી રેખું તો રહ્યું ----મારો

તારે ને મારે હંસા પ્રીત્યું બંધાણી રે
ઊડી ગયો હંસલો પિંજર પડી રે રહ્યું ---મારો

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર
પ્રેમનો પ્યાલો તમને પાઉં ને પીઉં -----મારો

## હે કરુણાના કરનારા

હે કરુણાના કરનારા તારી કરુણાનો કોઈ પાર નથી
હે સંકટના હરનારા તારી કરુણાનો કોઈ પાર નથી

મારા પાપ ભર્યા છે એવા તારી ભૂલ્યો કરવી સેવા
મારી ભૂલોના ભૂલનારા તારી કરુણાનો કોઈ પાર નથી ----હે

હે પરમકૃપાળુ વહાલા મેં પીધા વિષના પ્યાલા
વિષને અમૃત કરનારા તારી કરુણાનો કોઈ પાર નથી ----હે

હું અંતરમાં થઈ રાજી ખેલ્યો હું અવળી બાજી
અવળી સવળી કરનારા તારી કરુણાનો કોઈ પાર નથી ---હે

મને જડતો નથી કિનારો મારો ક્યાંથી આવે આરો
મારા સાચા ખેવનહારા તારી કરુણાનો કોઈ પાર નથી ---હે
ભલે છોરુ કછોરુ થાયે તું માવતર કહેવાયે
મીઠી છાયા દેનારા તારી કરુણાનો કોઈ પાર નથી ---- હે

છે ભક્તનું દિલ ઉદાસી તારા ચરણે લે અવિનાશી
રાધાના દિલ હરનારા તારી કરુણાનો કોઈ પાર નથી ----હે

# હાંરે વહાલા અરજી અમારી

હાંરે વહાલા અરજી અમારી સુણો
શ્રીનાથજી લઈ જાજે તારા ધામમાં ---હાંરે વહાલા

હાંરે મારા અંત સમયના બેલી
હાંરે હવે મેલો નહિ હડસેલી
હાંરે હું તો આવી ઉભો તમ દ્વારે
શ્રીનાથજી લઇ જાજે ફર ધામમાં ----હાંરે વહાલા

હાંરે નાથ કરુણા તણા છો સિંધુ
હાંરે હું તો યાચું છું એકજ બિંદુ
હાંરે એક બિંદુમાં નહિ થાય ઓછું
શ્રીનાથજી લઈ જાજે તારા ધામ માં ---- હાંરે વહાલા

હાંરે મારું અંતર લેજો વાંચી
હાંરે મહેંદીમાં લાલી લખાતી હાંરે
હરિ પાને પાને એ પ્રસરી જાતી
શ્રીનાથજી લઈ જાજે તારા ધામમાં ----હાંરે વહાલા

હાંરે તને સમજુ ને શું સમજવું
હાંરે કહે તો અંતર ખોલીને બતાવું
હાંરે તારા ભક્તોને એકજ આશ
શ્રીનાથજી લઈ જાજે તારા ધામમાં ---હાંરે વહાલા

## **હરિ તારા નામ છે હજાર**

હરિ તારા નામ છે હજાર,કયા નામે લખવી કંકોતરી
રોજ રોજ બદલે મુકામ, કયા નામે લખવી કંકોતરી

કોઈ તને રામ કહે કોઈ તને શ્યામ કહે,કોઈ કહે નંદનો કિશોર--કયા
મથુરામાં મોહન ગોકુળમાં ગોવાળિયો,અયોધ્યામાં રાજા રઘુવીર--ક્યા

પંઢરપુરમાં પાંડુરંગ વિઠ્ઠલા,દ્વારકામાં રાય રણછોડ--કયા
મહેતા નરસિંહનો સ્વામી શામળિયો,મીરાંનો ગિરિધર ગોપાળ--ક્યા

તુલસીદાસના ઈષ્ટદેવ રામજી,નારેશ્વરના દત્ત ભગવાન--કયા
ભક્તજનો કામ જ કરવા,રૂપ ધર્યા છે અનેક--કયા

## **મંગલ મંદિર ખોલો**

મંગલ મંદિર ખોલો દયામય,મંગલ મંદિર ખોલો

જીવન વન અતિ વેગે વટાવ્યું,દ્વાર ઉભો શિશુ ભોળો,
તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો,શિશુ ને ઉરમાં લ્યો લ્યો---દયામય

નામ મધુર તમ રટ્યો નિરંતર,શિશુ સહ પ્રેમે બોલો,
દિવ્ય તૃષાતૂર આવ્યો બાલક.પ્રેમ અમી રસ ઢોળો---દયામય

## એકલા જ આવ્યા

એકલા જ આવ્યા મનવા એકલા જવાના
સાથી વિના સંગી વિના એકલા  જવાના ----2

આપણે બે એકલા ને કિરતાર  એકલો
એકલા જીવો નો છે આધાર એકલો
એકલા રહીએ ભલે વેદના સહીએ ભલે
પોતાના જ પંથે પોતાના વિનાના -------સાથી વિના

કાળજા ની કેડીએ કાયા ના સાથ દે
કાળી  કાળી રાતડી એ છાયા ના સાથ દે
કાયાના સાથ દે ભલે છાયા ના સાથ દે ભલે
એકલા રહીને ભેરુ થાઓ રે બધાના -----સાથી  વિના

## હંસલો ચાલ્યો જવાનો એક્લો

હંસલો ચાલ્યો જવાનો એક્લો રે ત્યાં નથી કોઈનો રે સંગાથ
રસ્તા વિકટ ઘણા આવશે રે ભોમિયા લેજો તમે સંગાથ ------હંસલો

માટે સાચા તે સંત ને સેવીએ સંત તો મુક્તિ ને દેનાર
ભાતું ભક્તિ નું તમે બાંધજો ત્યાં નથી વાણીયા કેરી હાટ ----હંસલો

નહિ આવે માતપિતા સંગાથ નહિ આવે ભાઈ ભોજાઈ સંગાથ
નહિ આવે પતિ પુત્ર સંગાથ નહિ આવે ધન દોલત સંગાથ -----હંસલો

માટે ભાવે ભજો ભગવાનને રે એ તો ઉતારે ભવપાર
ભાવિક ભક્તો ને વિનવે રે યોગી કરો અમારું કલ્યાણ -------હંસલો

## <u>શંભુ  ચરણે પડી</u>

શંભુ ચરણે પડી માગું ઘડી રે ઘડી,
કષ્ટ કાપો -દયા કરી દર્શન શિવ આપો.

તમો ભક્તોના ભય હરનારા, શુભ સૌનું સદા કરનારા,
હું છું મંદમતિ,તારી ગહન ગતિ,કષ્ટ કાપો ---દયા કરી

અંગે ભસ્મ સ્મશાનની ચોળી,સંગે રાખો સદા ભૂત ટોળી
ભાલે તિલક કરી,કંઠે વિષ ધરી અમૃત આપો ---દયા કરી

નેતિ નેતિ જ્યાં વેદ કહે છે,મારું ચિતડું ત્યાં જાવા ચાહે છે
સારા જગમાં છે તું, વસુ તારામાં હું,શક્તિ આપો --દયા કરી

હું તો એકલ પંથી પ્રવાસી, છતાં આતમ કેમ ઉદાસી,
થાક્યો મથી રે મથી,કારણ જડતું નથી,સમજણ આપો-દયા કરી

આપો દ્રષ્ટિમાં તેજ અનોખું,સારી સૃષ્ટિમાં શિવ રૂપ રૂપ દેખું,
મારા મનમાં વસો,આવી હૈયે વસો,શાંતિ સ્થાપો ----દયા કરી

ભોળા શંકર ભવ દુઃખ કાપો,નિત્ય સેવા નું શુભ ધન આપો
ટાળો માન મદા,ગાળો ગર્વ સદા,ભક્તિ આપો ----દયા કરી

## <u>મારા ઘટમાં બિરાજતા શ્રી નાથજી</u>

મારા ઘટમાં બિરાજતા શ્રીનાથજી,યમુનાજી શ્રીમહાપ્રભુજી.

મારું મનડું છે ગોકુલ વનરાવન
મારા મનના આંગણિયામાં તુલસીના વન,મારા પ્રાણ જીવન--મારા

મારા આતમનાં આંગણે શ્રીમહાપ્રભુજી,
મારી આંખો વિષે ગિરધારી રે ધારી,
મારું તન મન,ગયું જેને વારી રે વારી,મારા શ્યામ મોરારિ ------મારા

મારા પ્રાણ થકી મને વૈષ્ણવ વહાલા,
નિત કરતા શ્રી નાથજી ને કાલારે વાલા,
મેં તો વલ્લભ પ્રભુજીના કીધા છે દર્શન,મારું મોહી લીધું મન ---મારા

હું તો નિત્ય વિઠ્ઠલવર ની સેવા રે કરું,
હું તો આઠે સમા કેરી ઝાંખી રે કરું,
મેં તો ચિતડું,શ્રીનાથજી ને ચરણે ધર્યું,જીવન સફળ કર્યું ---------મારા

મેં તો ભક્તિ મારગ કેરો સંગ રે સાધ્યો,
મેં તો પુષ્ટિ મારગ કેરો સંગ રે સાધ્યો,
મન ધોળી કીર્તન કેરો રંગ રે લાગ્યો,
મને લાલાની લાલી કેરો રંગ રે લાગ્યો,હીરલો હાથ લાગ્યો ----મારા

આવો જીવનમાં લહાવો કદી ફરી ના મળે,
વારે વારે માનવ દેહ ફરી ના મળે,
ફેરો લખ રે ચોર્યાચીનો મારો રે ફળે,મને મોહન મળે ----------મારા

મારી અંત સમય કેરી સુણો રે અરજી,
લેજો ચરણો માં શ્રીનાથ બાવા દયા રે કરી,
મને તેડાં રે યમ કેરા કદી ના આવે,મારો નાથ તેડાવે ----મારા

## નૈયા ઝૂકાવી મેં તો

નૈયા ઝૂકાવી મેં તો જોજે ડૂબી જાય ના,
ઝાંખો ઝાંખો દીવો મારો જો જે રે બુઝાય ના.

પાર્થનું સંગીત ચારે કોર બાજે
કોઈનું કોઈ નથી દુનિયામાં આજે ---2
તન નો તંબુરો જોજે બેસુરો થાય ના
ઝાંખો ઝાંખો દીવો --------નૈયા --

પાપ ને પુણ્ય ના ભેદ રે પરખાતા
રાગ અને દ્વેષ આજ ઘટે ઘટ ઘૂંટાતા
જોજે આ જીવન માં ઝેર પ્રસરાય ના
ઝાંખો ઝાંખો દીવો --------નૈયા

શ્રધ્ધાના દીવડાને જલતો તું રાખજે
નિશદિન ના સ્નેહ કેરો તેલ એમાં નાખજે
ભજરે મંદિર જોજે પથ તાર થાય ના
ઝાંખો ઝાંખો દીવો ----------નૈયા

## હે નાથ જોડી હાથ પાયે પ્રેમથી સહુ માંગીએ

હે નાથ જોડી હાથ પાયે પ્રેમથી સહુ માંગીએ
શરણ મળે સાચું તમારું એ હૃદયથી માંગીએ

જે જીવ આવ્યો આપ પાસે ચરણમાં અપનાવજો
પરમાત્માએ આત્માને શાંતિ સાચી આપજો

વળી કર્મના યોગે કરી જે કુળમાંએ અવતરે
ત્યાં પૂર્ણપ્રેમે એ પ્રભુજી આપની ભક્તિ કરે

લખ ચોર્યાસી બંધનોનેલક્ષમાં લઈ હાથજો ----પરમાત્મા

સુસમ્પતિ સુવિચારને સત્કર્મનો દઈ વારસો
જનમો જનમ સત્સંગ થી કિરતાર પાર ઉતારજો

આલોક કે પરલોકમાં તવ પ્રેમ રગરગ વ્યાપજો --પરમાત્મા

મળે મોક્ષ કે સુખ સર્વના આશા ઉરે એવી નથી
ધો દેહ દુર્લભ માનવીનો ભજન કરવા ભાવથી

સાચું બતાવી રૂપશ્રી રણછોડ હૃદય વ્યાપજો ----પરમાત્મા

## નંદબાવા ને માતા જશોદાજી સાંભળે

નંદબાવા ને માતા જશોદાજી સાંભળે
મમતા ની મૂડી મારી રહી ગઈ ગોકુળ માં

સોના રૂપા ના અહીં વાસણ મજાના
તાંબાની થાળી મારી રહી ગઈ ગોકુળમાં

છપ્પન ભોગ અહીં સ્વાદ ના ભરેલા
માખણ ને રોટી મારી રહી ગઇ ગોકુળ માં

હીરામોતી ના હાર મજાના
ગુંજાની માળા મારી રહી ગઈ ગોકુળ માં

હીરા માણેક ના મુકુટ મજાના
મોરપીંછ ની પાઘ મારી રહી ગઈ ગોકુળ માં

હાથી ને ઘોડા અહીં ઝૂલે અંબાડીએ
ગોરી ગોરી ગાવડી મારી રહી ગઇ ગોકુળ માં

સારંગી ના સૂર અહીં વાગે મજાના
વ્હાલી મારી વાંસળી રહી ગઇ ગોકુળમાં

રાધાજીને એટલું કહેજો ઉદ્ધવજી
અમી ભરી આંખ મારી રહી ગઇ ગોકુળમાં

## તારી એક એક પળ જાય લાખની

તારી એક એક પળ જાય લાખની
તુંતો માળા રે જપી લે મારા રામ ની

સાથે લાવ્યા શું લઇ જાશો આવ્યા તેવા ખાલી જાશો
તુંતો છોડી દેને ચિંતા આખા ગામની --- --- ----તું તો

રાજા રંગીલા રણછોડ મારા ચિત્તડાનો ચોર
મેંતો મૂર્તિ જોઈ છે મારા શ્યામ ની -- ------ - ---તું તો

જૂઠા જગના જૂઠા ખેલ મનમાં મારું તારું મેલ
જીવન ધન્ય બનાવો ભક્તિ ભાવ થી ----- ----તું તો

ભક્તિ ખાંડા કેરી ધાર નથી ઊંઘણશી નું કામ
જેને લાગી રે લગન ભગવાન માં ----- ----- ----તું તો

મનમાં  તાલાવેલી લાગી આંખે આંસુડા ની હેલી
સહુ ચેતીને ચાલો આ સંસાર માં ---- ---- ---તું તો

## <u>હું પદ હૈયે થી ના જાય</u>

હું પદ હૈયે થી ના જાય હરિ ની ઝાંખી ક્યાંથી થાય
છોને નીત ગંગા માં ન્હાય હરિની ઝાંખી ક્યાંથી થાય-----હું પદ

અક્કડ થઇને જગમાં ફરતો વાતો ધરમ કરમ ની કરતો
મુખથી રોજ ભજનીયા ગાય હરિની ઝાંખી ક્યાંથી થાય --હું પદ

ઉપર ઉજળા મનનાં કાળા કરતા રોજ સવારે માળા
મંદિર મંદિર ફેરા ખાય હરિની ઝાંખી ક્યાંથી થાય-------હું પદ

દુનિયા ખેલ કરે છે ખોટો અંતર્યામી સઘળું જોતો
એનું જીવન એળે જાય હરિની ઝાંખી ક્યાંથી થાય------ હું પદ

## જીવ શાને ફરે છે ગુમાનમાં

જીવ શાને ફરે છે ગુમાનમાં
તારે રહેવું ભાડાના મકાનમાં

તને મળીયું મકાન કર્યા રંગ રોગાન
જાણે કાયમનું લીધું વેચાણમાં --- -----તારે રહેવું

કરે એવો રુવાબ જાણે મોટો નવાબ
કાળ આવી કહેશે તારા કાનમાં --- ---તારે રહેવું

થાશે હુકમનામું નહિ ચાલે કોઈ બહાનું
તારું ડહાપણ નહિ આવે કામમાં ---- --તારે રહેવું

માટે ચેતીને ચાલો કરો હરિને વહાલો
તને સંતો સમજાવે સાનમાં ---તારે રહેવું

## આંખના પલકારામાં તારું જીવન

આંખના પલકારામાં તારું જીવન તો વહી જાશે રે
જેવી તારી કરણી તેવી ગાથા દુનિયા ગાશે રે ---------આંખના

ધન દોલતની માયા તુજને લાગે એવી મીઠી રે
ઘડી પછીની ખબર નથી ત્યાં કાલ જ કોણે દીઠી રે ---આંખના

પાપ કરો કે પુણ્ય કરો એ અહીંનું અહીં દેખાશે રે
સમજી લેજે આજ જનમમાં ખાતું સરભર થાશે રે ---આંખના

સત્કર્મોની સુગંધ તારી ચોગરદમ ફેલાશે રે
બિંદુ સૌમાં રામ નીરખજે ફેરો સાર્થક થાશે રે-------આંખના

## અખિલ બ્રહ્માંડ માં એક તું શ્રીહરિ

અખિલ બ્રહ્માંડ માં એક તું શ્રીહરિ જૂજવે રૂપ અનંત ભાસે
દેહમાં દેવ તું તેજમાં તત્ત્વ તું શૂન્ય માં શબ્દ થઇ વેદ વાસે

પવન તું પાણી તું ભૂમિ તું ભૂધરા વ્રુક્ષ થઇ ફૂલી રહ્યો આકાશે
વિવિધ રચના કરી અનેક રસ લેવાને શિવ થકી જીવ થયો એજ આશે

વેદ તો એમ વદે શ્રુતિ સ્મૃતિ સાખ દે કનક કુંડળ વિષે ભેદ નોયે
ઘાટ ઘડિયા પછી નામ રૂપ જૂજવાં અંતે તો હેમનું હેમ હોયે

ગ્રંથ ગડબડ કરી વાત ન કરી ખરી જેહ ને જે ગમે તેને પૂજે
મન કર્મ વચનથી આપ માની લહે સત્ય છે એજ મન એમ સૂઝે

વ્રુક્ષ માં બીજ તું બીજમાં વ્રુક્ષ તું જોઉં પટંતરો એજ પાસે
ભણે નરસૈયો એ મનતણી શોધના પ્રીત કરું પ્રેમથી પ્રગટ થાશે

## સમય મારો સાધજે વ્હાલા

સમય મારો સાધજે વ્હાલા કરું હું તો કાલાવાલા
અવસર મારો અજવાળે વહાલા કરું હું તો કાલાવાલા

અંત સમય મારો આવશે જ્યારે દેહનું નહિ રહે ભાન
એવે સમયે મુખે તુલસી દેજો દેજો યમુના પાન

જીભલડી મારી પરવશ બનશે જો હારી બેસું હું હામ
એવે સમય મારી વહારે ચઢીને રાખજે તહારું નામ નામ

કંઠ રુંધાશે ને નાડીઓ તૂટશે તૂટશે જીવન દોર
એવે સમય મારા અલબેલાજી કરજો બંસરી શોર

આંખલડી મારી પાવન કરજો ને દેજો એકજ લ્હાણ
શ્યામ સુંદર તારી ઝાંખી કરીને ભક્તો છોડે પ્રાણ

## આ જિંદગીના ચોપડામાં

આ જિંદગી ના ચોપડામાં સરવાળો માંડજો
મનને મેતાજી કરી કામે લગાડજો ----- ---આ જિંદગી

આજ સુધી જીવ્યા છો કેટલું ને કેવું
કેટલી કમાણી કરી કેટલું છે દેવું
કાઢી સરવૈયું કોઈ સંત ને બતાવજો -------આ જિંદગી

કેટલી સુધારી વૃત્તિ કેટલી બગાડી
કઈ યાદે ચાલી રહી રહી જિંદગીની ગાડી
પ્રભુ પંથ પામવાને પાટા બદલજો ----------આં જિંદગી

જમા ને ઉધાર તણો કાઢજો તફાવત
કેટલી પ્રભુ ના નામે કરી છે બનાવટ
એક એક પાનું ચિંતનથી ચકાસજો ----------આ જિંદગી

કંઠી પહેરીને કંઠ કેટલાના કાપ્યા
માળા ના મણકા માં માધવને માપ્યા
તિલકથી બુધ્ધિની શુધ્ધિ વધારજો -----------આ જિંદગી

ગીતા ની વાત કહો કેટલી પચાવી
કેટલી કુટેવ કાઢી કેટલી બચાવી
સ્વાધ્યાય થી જીવનને સુંદર બનાવજો --------આ જિંદગી

ભાવ અને ભક્તિ માં મસ્ત બની રાચજો
એક એક ગામડે ગીતાને પહોચાડજો
કામ કરી દાદાના દિલને હલાવજો -------------આ જિંદગી

## મૈત્રીભાવનું પવિત્ર ઝરણું

મૈત્રીભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે
શુભ થાઓ આ સકલ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે

ગુણથી ભરેલા ગુણીજન દેખી હૈયું મારું નૃત્ય કરે
આ સંતોના ચરણ કમલમાં મુજ જીવનનું અર્ધ્ય રહે

દીન ક્રૂર ને ધર્મ વિહોણા દેખી દિલમાં દર્દ રહે
કરુણાભીની આંખોમાં થી અશ્રુનો શુભ સ્રોત વહે

માર્ગ ભૂલેલા જીવનપથિકને માર્ગ ચીંધવા ઊભો રહું
કરે ઉપેક્ષા એ મારગની  તો પણ સમતા ચિત્ત ધરું

મૈત્ર્યાદિ આ ચાર ભાવના હૈયે ગુણીજન જે લાવે
વેરઝેરના પાપ તજું ને મંગલ ગીતો એ ગાવે

મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયા માં વહ્યા કરે
શુભ થાઓ આ સકલ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે

## આપજે તારા અંતર નો એક તાર

આપજે તારા અંતર નો એક તાર બીજું હું કાંઈ ના માંગુ
સુણજે મારા આર્ત તણો પોકાર બીજું હું કાંઈ ના માંગુ-આપજે

તુમડું મારૂં પડ્યું નકામું કોઈ જુએ નહિ એના સામું
બાંધીશ તારા અંતર નો એક તાર પછી મારી ધૂન જગાવું--આપજે

એકતારો મારો ગુંજશે મીઠું દેખશે વિશ્વ રહ્યું જે અદીઠું
ગીત ની રેલશે એક અખંડિત ધાર પછી એમાં મસ્ત થઈ રાચું--આપજે

## ગુરુજીના નામની હો માળા

ગુરુજીના નામની હો માળા છે ડોકમાં
પ્રભુજી ના નામની હો માળા છે ડોક માં

જૂઠું બોલાય નહીં ખોટું કરાય નહીં
અવળું ચલાય નહિ હો માળા છે ડોકમાં ---ગુરુજીના
ક્રોધ કદી થાય નહિ પરને નિંદાય નહીં
કોઈને દુભાય નહીં માળા છે ડોકમાં -----ગુરુજીના
પરને પીડાય નહિ હુંપદ ધરાય નહીં
પાપને પોષાય નહીં હો માળા છે ડોકમાં ---ગુરુજીના
સુખમાં છકાય નહિ દુઃખ માં રડાય નહીં
ભક્તિ ભૂલાય નહિ હો માળા છે ડોકમાં ----ગુરુજીના
ધન સંગરાય નહિ એકલા ખવાય નહીં
ભેદ રખાય નહિ હો માળા છે ડોકમાં -----ગુરુજીના
બોલ્યું બદલાય નહિ ટેકને તજાય નહિ
બહાનું લજવાય નહિ હો માળા છે ડોકમાં ----ગુરુજીના

## જશોદા તારા કાનુડા ને

જશોદા તારા કાનુડા ને સાદ કરીને વાર રે
આવડી ધૂમ મચાવે વ્રજમાં નહીં કોઈ પૂછનાર રે ----જશોદા

શીંકુ તોડ્યું ગોરસ ઢોળ્યું ઉઘાડીને બાર રે
માખણ ખાધું ઢોળી નાખ્યું જ્યાં કીધું આ વાર રે ------જશોદા

ખોંખા ખોળા કરતો હીંડે બીએ નહીં લગાર રે
મહી મથવાની ગોળી ફોડી આશાં કહીએ લાડ રે ----- જશોદા

વારે વારે કહું છું તમને હવેના રાખું ભાર રે
નિત ઊઠીને એ ક્યમ સહીએ વસી નગર મોઝાર રે ----જશોદા

## હરિને ભજતાં હજુ કોઈની લાજ જતા

હરિને ભજતાં હજુ કોઈની લાજ જતા નથી જાણી રે
જેની સુરતા શામળિયા સાથ વદે વેદ વાણી રે

વહાલે ઉગાર્યો પ્રહલાદ હિરણાકંસ માર્યો રે
વિભીષણને આપ્યું રાજ રાવણ સંહાર્યો રે

વ્હાલે નરસિંહ મેહતાને હાર હાથોહાથ આપ્યો રે
ધ્રુવને આપ્યું અવિચળ રાજ પોતાનો કરી સ્થાપ્યો રે

વ્હાલે મીરાં તે બાઈ ના ઝેર હળાહળ પીધા રે
પંચાળી ના પૂર્યા ચીર પાંડવ કામ કીધા રે

આવો હરિ ભજવાનો લ્હાવો ભજન કોઈ કરશે રે
કર જોડી પ્રેમળદાસભક્તોના દુઃખ હરશે રે

## તારે રે ભરોસે ભવ મુક્યો મારો

તારે રે ભરોસે ભવ મુક્યો મારો ----2
જૂઠા રે જગતમાં તારો સાચો સથવારો -----તારે

તારા વિના કોણ સુણશે ભક્તોના સાદ ને
ધ્રુવને ઉગાર્યો તેંતો તાર્યો પ્રહલાદને
દુઃખિયા ને સુખ દેવાને લીધા અવતારો -----તારે

મારારે મારગના તું અંધારા કાપજે
તારારે દીવડા થી તું અજવાળા આપજે
હરિ તારા હેત ભર્યા હાથ છે હજારો ------તારે

## હાં રે સખી આજ ની ઘડી

હાં રે સખી આજ ની ઘડી તે રળીયામણી
હે જી મારો વ્હાલો આવ્યા ની વધામણી જી રે ---આજની

હે પૂરો પૂરો સોહાગણ સાથીયો હાં રે સખી
પૂરો સોહાગણ સાથીયો
હે મારે ઘેર આવે હરિ વદ હાથીઓ જીરે ------ આજની

હે સખી લીલુડા વાંસ ને વઢાવીએ હાં રે સખી
લીલુડા વાંસ ને વઢાવીએ
હે મારા વ્હાલાજી ના મંડપ રચાવી એ જી રે -----આજની

હે સખી જમુનાજીના જળ મંગાવીએ હાં રે સખી
જમુનાજી ના જળ મંગાવી એ
હે મારા વ્હાલાજી ના ચરણો પખાળીએએ જી રે --આજની

હે સૌ સખીઓ મળીને વધાવીએ હાં રે સૌ
સખીઓ મળીને વધાવીએ
હે મારા વ્હાલાજી ના મંગળ ગવરાવી એ જી રે ---આજની

હે સખી રસ આ મીઠડા થી મીઠડો હાં રે
સખી રસ આ મીઠડા થી મીઠડો
મેહતા નરસિંહ મેહતા નો સ્વામી દીઠડો જી રે ----આજની

# જળકમળ છાંડી જા ને બાળા

જળકમળ છાંડી જા ને બાળા સ્વામી અમારો જાગશે
જાગશે તને મારશે મને બાળહત્યા લાગશે

કહે બાળક તું મારગ ભૂલ્યો કે તારા વેરીએ વળાવિયો
નિશ્ચે તારો કાળજ ખૂટ્યો અહિયાં તે શીદ આવીયો
નથી નાગણ હું મારગ ભૂલ્યો નથી મારા વેરીએ વળાવિયો
મથુરા નગરીમાં જુગટું રમતા નાગ નું શિષ હું હારીઓ

રંગે રૂડો રૂપે પૂરો દીસંતો કોડીલો કોડામણો
તારી માતાએ કેટલા જનમ્યા તેમાં તું અળખામણો
મારી માતાએ બેઉ જનમ્યા તેમાં હું નટવર નાનડો
જગાડ તારા નાગને મારું નામ કૃષ્ણ કહાનડો

લાખ ટકાનો મારો હાર આપું આપું તુજને દોરીયો
એટલું મારા નાગથી છાનું આપું તુજને ચોરીયો
શું કરું નાગણ હાર તારો શું કરું તારો દોરીયો
શાને કાજે નાગણ તારે કરવી ઘરમાં ચોરીયો

ચરણ ચાંપી મૂછ મરડી નાગણે નાગ જગાડિયો
ઉઠોને બલવંત કોઈ બારણે બાળક આવીયો
બેઉ બળિયા બાથે વળગીયા કૃષ્ણે કાળીનાથ નાથિયો
સહસ્ત્ર ફેણો ફુંફવે જે ગગન ગાજે હાથીયો

નાગણ સૌ વિલાપ કરે કરે છે નાગને બહુ દુઃખ આપશે
મથુરા નગરીમાં લઇ જશે પછી નાગનું શિષ કાપશે
બેઉ કરજોડી વિનવે સ્વામી મૂકો અમારા કંથને
અમે અપરાધી કંઈ ના સમજ્યા ન ઓળખ્યા ભગવંતને

## <u>પંછીડાને આ પીંજરું</u>

પંછીડાને આ પીંજરું જુનું જુનું લાગે,
બહુયે સમજાવ્યું તોયે પંછી નવું પીંજરું માંગે.

ઉમટ્યો અજંપો એને પંડનારે પ્રાણ નો,
અણધાર્યો કર્યો મનોરથ દુરના પ્રયાણ નો.
અણદીઠે દેશ જાવા લગન એને લાગી----બહુયે

સોને મઢેલ બાજથીયો ને સોને મઢેલ ઝૂલો,
હીરે જડેલ વીંઝણો મોતીનો મોંઘુ પણ મોલો,
પાગલ ના બનીએ ભેરુ,કોઈના રંગરાગે---બહુયે

## <u>રાખના રમકડાં</u>

રાખના રમકડાં ને મારા રામે રમતા રાખ્યા રે
મૃત્યુલોક ની માટી માં થી
માનવ થઈને ભાખ્યા રે ----------રાખ ના

ડોલે ડોલે રોજ રમકડા
નીત નીત રમતું નીત નીત રમતું માંડે
આ મારું આ તારું કહીને
એક બીજા ને ભાંડે રે --------રાખ ના

કાચી માટી ની કાયા માથે
માયા કેરા રંગ લગાયા રંગ લગાયા
હે ઢીંગલા ઢીંગલી એ ઘર માંડ્યા
ત્યાંતો કીન્દર લાવી કાયારે --------રાખના

અંત અનંત નો તંત ન તૂટ્યો
રમતો અધૂરી રમતો અધૂરી રહી
તનડા ને મનડા ની વાતો
આવી તેવી ગઈ -----------રાખના

## **શ્રી કૃષ્ણ શરણં મમ**

શ્રી કૃષ્ણ શરણં મમ શ્રી કૃષ્ણ શરણં મમ
કદમ કેરી ડાળી બોલે શ્રી કૃષ્ણ શરણં મમ
જમુના કેરી પાળો બોલે શ્રી કૃષ્ણ શરણં મમ
વ્રજ ચોર્યાસી કોસ બોલે શ્રી કૃષ્ણ શરણં મમ

કુંડ કુંડ ની સીડીઓ બોલે કમલ કમલ પર મધુકર બોલે ----શ્રી કૃષ્ણ
ડાળ ડાળ પર પક્ષી બોલે વૃન્દાવનમાં વ્રુક્ષો બોલે ----શ્રી કૃષ્ણ

ગોકુળિયાની ગાયો બોલે કુંજ કુંજ વન ઉપવન બોલે -----શ્રી કૃષ્ણ
વ્રજભૂમિના રજકણ બોલે રાસ રમંતી ગોપી બોલે ----શ્રી કૃષ્ણ

ઘેનું ચરાવત ગોપો બોલે વાજાને તબલામાં બોલે ----શ્રી કૃષ્ણ
શરણાઈ ને તંબૂર માં બોલે નૃત્ય કરંતી નારી બોલે -----શ્રી કૃષ્ણ

કેસર કેરી ક્યારી બોલે આકાશે પાતાળે બોલે ----શ્રી કૃષ્ણ
ચૌદ લોક બ્રહ્માંડે બોલે ચંદ સરોવર ચોકે બોલે -----શ્રી કૃષ્ણ

પત્ર પત્ર શાખાઓ બોલે આંબો લીંબુને જાંબુ બોલે ----શ્રી કૃષ્ણ
વનસ્પતિ હરિયાળી બોલે જતીપુરાના લોકો બોલે ----શ્રી કૃષ્ણ

મથુરજી ના ચોબા બોલે ગોવર્ધન શિખરે બોલે ----શ્રી કૃષ્ણ
ગલીગલી ગહવરવન બોલે વેણું સ્વર સંગીતે બોલે ----શ્રી કૃષ્ણ

## એવું શ્રી વલ્લભ પ્રભુનું નામ

એવું શ્રી વલ્લભ પ્રભુનું નામ અમને પ્રાણ પ્યારું છે
એવું શ્રી વિઠ્ઠલ પ્રભુનું નામ અમને પ્રાણ પ્યારું છે

પ્રાણ પ્યારું છે અમને અતિશય વ્હાલું છે
એવું શ્રી વલ્લભ પ્રભુનું નામ અમને પ્રાણ પ્યારું છે

પુષ્ટિમાર્ગ પ્રગટાવ્યો દૈત્યોનો તાપ નસાવ્યો
એવું શ્રી વલ્લભ પ્રભુનું નામ અમને પ્રાણ પ્યારું છે

સેવા માર્ગ ચલાવ્યો ભક્તિનો માર્ગ પ્રસરાવ્યો
એવું શ્રી વિઠ્ઠલ પ્રભુનું નામ અમને પ્રાણ પ્યારું છે

મેવાડ મધ્યે આજે જેનું સ્વરૂપ સુંદર રાજે
એવું શ્રીનાથજી નું નામ અમને પ્રાણ પ્યારું છે

કાંકરોલી મધ્યે બિરાજે રૂડો રાય સાગર ગાજે
એવું શ્રી દ્વારકાધીશ નું નામ અમને પ્રાણ પ્યારું છે

ગોકુળ માં ગૌધન ચારી વૃન્દાવનમાં કુંજ બિહારી
એવું શ્રી કૃષ્ણચંદ્રનું નામ અમને પ્રાણ પ્યારું છે

## ગોવિંદો પ્રાણ અમારો રે

ગોવિંદો પ્રાણ અમારો રે મને જગ લાગ્યો ખારો રે
મને મારો રામજી ભાવે બીજો મારી નજરે ના આવે

મીરાંબાઈ ના મહેલ માં તો હરિ સંતન નો વાસ
કપટી થી હરિ દૂર વસે મારા સંતન કેરી પાસ

રાણોજી કાગળ મોકલે રે દેજો મીરા ને હાથ
સાધુ ની સંગત છોડી દ્યો તમે વસો અમારે સાથ

મીરાંબાઈ કાગળ મોકલે રે દેજો રાણા જી ને હાથ
રાજપાટ તમે છોડી રાણાજી વસો સાધુને સાથ

વિષનો પ્યાલો રાણે મોકલ્યો રે દેજો મીરા ને હાથ
અમૃત જાણી મીરાં પી ગયા જેને શે શ્રી વિશ્વનોનાથ

## મન તું શંકર ભજી લે

મન તું શંકર ભજી લે મન તું શંકર ભજી લે
છોડ દે કપટ ભોળા નાથ ને ભજી લે ----મન

કોઈ ચઢાવે બિલીપત્ર કોઈ ચઢાવે દૂધ
કોઈ ચઢાવે ગંગાજળ ને કોઈ ચઢાવે ભભૂત ---મન

બ્રાહ્મણ ચઢાવે બિલીપત્ર ને દુનિયા ચઢાવે દૂધ
રાજા ચઢાવે ગંગાજળ ને જોગી ચઢાવે ભભૂત -- મન

કોઈ માંગે અન્ન વસ્ત્ર ને કોઈ માંગે પુત્ર
કોઈ માંગે કંચન કાયા કોઈ માંગે રૂપ ----મન

આંકડાની રોટી બનાવી ધતુરાનું શાક
પીરસે દેવી પાર્વતીને જમે ભોળા નાથ ----મન

## મુખડાની માયા લાગી રે

મુખડાની માયા લાગી રે મોહન પ્યારા
મુખડાની માયા લાગી રે

મુખડું મેં જોયું તારું જગ સર્વ થયું ખારું
મન મારું રહ્યું ન્યારું રે મોહન પ્યારા ---મુખડાની

સંસારી નું સુખ એવું ઝાંઝવાના નીર જેવું
તેને તુચ્છ કરી ફરીએ રે મોહન પ્યારા ----મુખડાની

સંસારી નું મુખ કાચું પરણીને રંડાવું પાછું
તેને ઘેર શીદ જઈએ રે મોહન પ્યારા ---મુખડાની

પરણું તો પ્રીતમ પ્યારો અખંડ સૌભાગ્ય મારો
રાંડવાનો ભય ટાળ્યો રે મોહન પ્યારા ----મુખડાની

મીરાંબાઈ બલિહારી આશા મને એક તારી રે
હવે હું તો બડભાગી રે મોહન પ્યારા --મુખડાની

## મંદિર તારું વિશ્વ રૂપાળું

મંદિર તારું વિશ્વ રૂપાળું સુંદર સર્જનહારા રે
પળ પળ તારા દર્શન થાયે દેખે દેખનહારા રે ----મંદિર

નહીં પુજારી નહીં કોઈ દેવા નહીં મંદિર ને તાળા રે
નીલ ગગન માં મહિમા ગાતા ચાંદો સૂરજ તારા રે --મંદિર

વર્ણન કરતાં શોભા તારી થાક્યા કવિગણ ધીરા રે
મંદિર માં તું ક્યાં છુપાયો શોધે બાળ અધીરા રે ---મંદિર

## જમુના જળમાં કેસર ઘોળી

જમુના જળ માં કેસર ઘોળી સ્નાન કરાવું શામળા
હલકે હાથે અંગો ચોળી લાડ લડાવું શામળા ----જમુના

અંગો લૂછી આપું વસ્ત્રો પીળું પીતાંબર પ્યાર માં
તેલ સુગંધી નાખી આપું વાંકડિયા તુજ વાળ માં ---જમુના

કુમકુમ કેરું તિલક સજાવું ત્રિકમ તારા ભાલમાં
અલબેલી આંખો માં આંજુ અંજન મારા વાલમા ---જમુના

હસતી જાઉં વાટે ઘાટે નાચી ઉઠું તાલમાં
નજર ના લાગે શ્યામસુંદર ને ટપકું કરી દઉં ગાલમાં ---જમુના

પગમાં ઝાંઝર રૂમઝૂમ વાગે કર માં કંકણ વાલમા
કંઠે માળા કાને કુંડળ ચોરે ચિતડું ચાલ માં ----જમુના

મોર મુગુટ માથે પહેરાવું મોરલી આપું હાથમાં
કૃષ્ણ કૃપાળુ નીરખી શોભા વારી જાઉં તારા વ્હાલમાં --જમુના

દૂધ કટોરી ભરી ને આપું પીઓને મારા શામળા
ભક્ત મંડળ નીરખી શોભા રાખો ચરણે શ્યામળા ----જમુના

## **જવા દો જી નૌકા કિનારે કિનારે**

જવા દો જી નૌકા કિનારે કિનારે પડેલા પ્રભુજી તમારે પનારે

હું જો વિસારું તો તમે ના વિસારો તમો જો વિસરો તો હું ના વિસારું
તમારું અમારું બન્યું મજિયારું-- જવા દો જી નૈયા કિનારે કિનારે

વિઘ્નો હજારો નડ્યાં છે ને નડશે લાકડી માર્યાથી પાણી જુદાં કેમ પડશે
હમે દેખનારા તમે મારી આંખો અમે પ્રેમ પંખી તમે મારી પાંખો--જવા દો જી

અમો મોર કોયલ તમે ધો જી ટહુકા અમારા જીવન ની તમે છો જી નૌકા
તમે સુખ સિંધુ સમુદ્ર અમારા અમો મરજીવા પ્રભુજી તમારા -જવા દો જી

તમે છો દ્વારકાધીશ હું છું સુદામા અમારા તમોને હજારો પ્રણામો
હજારો ગુના છે પ્રભુજી અમારા અમોને શરણમાં તમે રાખનારા - જવા દો જી

## **મારી હુંડી સ્વીકારો મહારાજ**

મારી હુંડી સ્વીકારો મહારાજ રે શામળા ગિરિધારી
મારી હુંડી શામળિયા ને હાથ રે શામળા ગિરિધારી

રાણાજી એ રઢ કરી વળી મીરાં કેરે કાજ
ઝેરના પ્યાલા મોકલ્યા રે વ્હાલો ઝેરના ઝારણ હર રે ----શામળા --મારી

સ્તંભ થકી પ્રભુ પ્રગટિયા વળી ધર્યું નરસિંહ રૂપ
પ્રહલાદ ને ઉગારિયો વ્હાલે માર્યો હિરણાકંસ ભૂપ રે ---- શામળા --મારી

રહેવા નથી ઝુંપડું વળી જમવા નથી જુવાર
બેટાબેટી વળાવિયા રે મેં તો વળાવી ઘર કેરી નાર રે ---શામળા --મારી

ગરથ મારું ગોપીચંદ વળી તુલસી હેમના હાર
સાચું નાણું મારો શામળો મારે દોલત માં ઝાંઝ પખાજ રે --શામળા --મારી

## પ્રભુજી એટલું આપજો

પ્રભુજી એટલું આપજો કુંટુંબ પોષણ થાય
ભૂખ્યા કોઈ સૂવે નહિ સાધુ સંત સમાય

અતિથિ ભોંઠો ના પડે આશ્રિત ના દુભાય
જે આવે મમ આંગણે આશિષ દેતો જાય

સ્વભાવ એવો આપજો સૌ ઈચ્છે મમ હિત
શત્રુ ઈચ્છે મિત્રતા પડોશી ઈચ્છે પ્રીત

વિચાર વાણી વર્તણુંક થકી સૌનો ઈચ્છું પ્રેમ
સગાં સ્નેહી કે શત્રુનું ઈચ્છું કુશળ ક્ષેમ

## વૈષ્ણવજન તો તેને કહીએ

વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે
પર દુઃખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે રે - વૈષ્ણવજન

સકળલોકમાં સહુને વંદે નિંદા ન કરે કેની રે
વાચ કાછ મન નિશ્ચલ રાખે ધન ધન જનની તેની રે -વૈષ્ણવજન

સમદ્રષ્ટિ ને તૃષ્ણા ત્યાગી પરસ્ત્રી જેને માત રે
જીહવા થકી અસત્ય ના બોલે પરધન નવ ઝાલે હાથ રે -વૈષ્ણવજન

મોહ માયા વ્યાપે નહિ જેને દ્રઢ વૈરાગ્ય જેના મન માં રે
રામ નામ શું તાળી લાગી સકળ તીરથ તેના તન માં રે -વૈષ્ણવજન

વણલોભી ને કપટ રહિત છે કામ ક્રોધ નિવાર્યા રે
ભણે નરસૈંયો તેનું દર્શન કરતાં કુળ ઈકોતેર તાર્યા રે -વૈષ્ણવજન

## <u>નાગર નંદાજીના લાલ</u>

નાગર નંદાજી ના લાલ નાગર નંદાજી ના લાલ
રાસ રમંતા મારી નથણી ખોવાણી
કાના જડી હોય તો આપ કાના જડી હોય તો આપ -રાસ

નાની નાની નથણી ને માંહી જડેલા મોતી
નથણી ને કારણે હું તો નિત્ય ફરું છું જોતી જોતી જોતી --નાગર

નાની નાની નથણી ને માંહી જડેલા હીરા
નથણી આપોને બેની સુભદ્રા ના વીરા વીરા વીરા --નાગર

નાનેરી પહેરું તો મારે નાકે ના સોહાય
મોટેરી પહેરું તો મારા મુખ પર ઝોલા ખાય ખાય ખાય --નાગર

આંબે બોલે કોયલડી ને વનમાં બોલે મોર
રાધાજીની નથણી નો શામળિયો છે ચોર ચોર ચોર --નાગર

નથણી ને કારણે મેં તો ગોત્યું વૃંદાવન
નથણી આપોને મારા પ્રાણ જીવન વન વન નાગર

નથણી આપોને પ્યારા નંદના કુમાર
નરસૈયા ના સ્વામી ઉપર જાવું હું બલિ હાર હાર હાર --નાગર

## વાગે છે રે વાગે છે

વાગે છે રે વાગે છે વૃંદાવન મોરલી વાગે છે
તેનો શબ્દ ગગન માં ગાજે છે ---વૃંદાવન

વૃંદા તે વન ને મારગે જાતાં
વ્હાલો દાણ દધિના માંગે છે --- વૃંદાવન

વૃંદા તે વનમાં રાસ રચ્યો છે
વ્હાલો રાસ મંડળમાં વિરાજે છે ---વૃંદાવન

પીળાં પીતાંબર જરકસી જામા
વ્હાલાને પીળો તે પટકો વિરાજે છે ---વૃંદાવન

કાને તે કુંડળ મસ્તકે મુગુટ
હાંરે વ્હાલા મુખ પર મોરલી વિરાજે છે ---વૃંદાવન

વૃંદા તે વન ની કુંજ ગલન માં
વ્હાલો થનક થૈ થૈ નાચે છે ---વૃંદાવન

બાઈ મીરાં કે પ્રભુ ગિરિધર નાગર ના ગુણ
વ્હાલા દર્શન થી દુઃખડા ભાગે છે ---વૃંદાવન

## કાનુડે ન જાણી મારી પીડ

કાનુડે ન જાણી મારી પીડ
બાઈ હું તો બાળ કુંવારી રે ---કાનુડે

જળ રે જમુના ના અમે ભરવા ને ગ્યાતાં
કાનુડે ઉડા ડ્યાંઆછા નીર
નીર ઉડ્યા ફરરર ફરરર રે ---કાનુડે

વૃંદા તે વન માં વ્હાલે રાસ રચ્યો રે વ્હાલા
સોળસે ગોપી ના ખેંચ્યા ચીર
ચીર ફાડ્યા ચરરર ચરરર રે ---કાનુડે

હું તો વેરાગણ વ્હાલા તમારા રે નામની
કાનુડે માર્યા છે અમને તીર
તીર વાગ્યા અરરર અરરર રે ---કાનુડે

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર ના ગુણ વ્હાલા
કાનુડે બાળીને કીધા ખાખ
ખાખ ઉડી ખરરર ખરરર રે ---કાનુડે

## સૂજ વિના અંધારૂં

સૂજ વિના અંધારૂં સકલઘટ સૂજ વિના અંધારૂં
તું તો રૂપ લહે નહિ સારૂં સકલઘટ સૂજ વિના અંધારૂં

અરક તેજ થી આંખો ઉઘડે દુનિયા ને તે દેખે
સૂજ વિના સારૂં ને નરસું સૌ સરખું કરી લેખે ---સકળ

અદકી ઓછી સૂજ સરવ ને આપી છે કિરતારે
ઝાઝી સૂજે સઘળે જીતે હોય ઓછી તે હારે ---સકળ

સ્થાવર જંગમ જીવ સરવ માં સૂજ પદારથ મોટું
ઉત્તમ સૂજે અતિ સુખ પામે અદમ સહે દુઃખ મોટું ---સકળ

પરમ દયાળુ પ્રભુ ની કરુણા જેના ઉપર જેવી
કહે છોટમ તેના ઉરમાંહે સૂજ ઉપજે એવી ---સકળ

## માડી તારું કંકુ ખર્યું

માડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઉગ્યો
જગ માથે જાણે પ્રભુતા એ પગ મૂક્યો ---કંકુ

મંદિર સરજાયું ને ઘન્ટારવ ગાજ્યો
નભનો ચંદરવો માઁ એ આંખ્યુંમાં આંજ્યો
દીવો થાવા મંદિર નો ચાંદો આવી પૂગ્યો ---કંકુ

માવડી ની કોટ માં તારા ના મોતી
જનની ની આંખ્યું માં પૂનમ ની જ્યોતિ
છડી રે પોકારી માઁ ની મોરલો ટહુક્યો ---કંકુ

નોરતાં ના રથ ના ઘૂઘરા રે બોલ્યા
અજવાળી રાતે માઁ એ અમૃત ઘોળ્યા
ગગન નો ગરબો માઁ ના ચરણોં માં ઝૂક્યો ---કંકુ

## **દયા ના સાગર થઈ ને**

દયા ના સાગર થઈ ને કૃપા નિધન થઈ ને
છોને ભગવાન કેવરાવો પણ રામ તમે સીતાજી ની તોલે ના આવો
સોળે શણગાર સજી મંદિર ને દ્વાર તમે ફૂલ ને ચંદન થી પૂજાવો
---પણ રામ

કાચા રે કાન તમે ક્યાંના ભગવાન તમે અગ્નિ પરીક્ષા કોની કીધી
તારો પડછાયો થઈ જેણે વગડો રે વેઠ્યો એને લોકો ની વાતે ત્યાગી દીધી
પતિ થઈ પત્ની ને પારખતાં ના આવડી છોને ઘટઘટ ના જ્ઞાતા થઈ ફુલાવો
---પણ રામ

તમથી એ પહેલાં અશોકવન સીતાજી એ રાવણ ને હરાવ્યો
દૈત્યો ની વચમાં નિરાધાર નારી તોયે દશમાથાવાળો ત્યાંના ફાવ્યો
મરેલા ને માર્યો તેમાં કર્યું શું પરાક્રમ અમથો વિજય નો લૂંટો લ્હાવો
---પણ રામ

## **નિત્ય નિત્ય ભજીએ તારું નામ**

નિત્ય નિત્ય ભજીએ તારું નામ તારું નામ
તારું નામ તારું નામ નિત્ય નિત્ય ભજીએ
પ્રેમ થકી અમને પ્રભુજી મળ્યા હો જી

આણી તીરે ગંગા વ્હાલા પેલી તીરે જમના વ્હાલા
વચમાં ગોકુળિયું રૂડું ગામ  રૂડું ગામ ---પ્રેમ થકી

વૃંદા તે વન ના ચોકે રાસ રચ્યો છે વ્હાલા
સોળસે ગોપીમાં ઘેલો કાન   ઘેલો કાન ---પ્રેમ થકી

અન્ન ન ભાવે નયણે નિંદ્રા ન આવે વ્હાલા
સહેજે  પધારો સુંદરશ્યામ  સુંદરશ્યામ ---પ્રેમ થકી

બાઈ મીરાં કે પ્રભુ ગિરિધર નાગર ના ગુણ વ્હાલા
છેલ્લી બાકી ના રામો રામ રમો રામ ---પ્રેમ થકી

## આશાભર્યા તે અમે આવિયાં

આશાભર્યા તે અમે આવિયાં
મારે વ્હાલે રમાડ્યો રાસ રે -- આવેલ આશાભર્યા રે

શરદ પૂનમ ની રાતડી રે કંઈ
ચાંદો ચડ્યો આકાશ રે --- આવેલ આશાભર્યા રે

ઉતારા દેશું ઓરડે રે
એને દેશું મેડી કેરા મ્હોલ રે -- આવેલ આશાભર્યા રે

દાતણ દેશું દાડમી રે
એને દેશું કણેરા ની કાંબ રે -- આવેલ આશાભર્યા રે

ન્હાવણ દેશું કુંડીયું રે
એને દેશું નદીયું કેરા નીર રે -- આવેલ આશાભર્યા રે

ભોજન દેશું લાપશી રે
દેશું કઢિયેલ દૂધ રે -- આવેલ આશાભર્યા રે

મુખવાસ દેશું એલચી રે
એને દેશું પાન સોપારી રે -- આવેલ આશાભર્યા રે

પોઢણ દેશું ઢોલિયા રે
એને દેશું હિંડોળાખાટ રે -- આવેલ આશાભાર્યારે

## ખમ્મા મારા નંદાજી લાલ

ખમ્મા મારા નંદાજી લાલ મોરલી ક્યાં રે વગાડી
હું રે સૂતી તી મારા શયન ભવન માં
સાંભળ્યો મેં મોરલી નો નાદ --- --- મોરલી
ભર રે નીંદરડી માં થી જાગી
ભૂલી ગઈ હું તો ભાન સાન --- -----મોરલી
પાણીડાં ની મશે જીવન જોવાને હાલી
દીઠા મેં તો નંદજી ના લાલ -- ------મોરલી
દોણું લઈને ગૌ દોહવા ને બેઠી
નેતરાં લીધા હાથ --- -- મોરલી
વાછરું વરાહે મેં તો છોકરાં ને બાંધ્યા
નેતરાં લીધા હાથ -- ----મોરલી

## લવિંગ કેરી લાકડીએ

લવિંગ કેરી લાકડીએ રામે સીતા ને માર્યા જો
ફૂલ કેરે દડૂલિયે સીતાએ વેર વાળ્યાં જો

રામ તમ્હારે બોલડિયે હું પરઘેર બેસવા જઈશ જો
તમે જશો જો પરઘેર બેસવા હું વાતુડિયો થઈશ જો

રામ તમ્હારે બોલડીએ હું પરઘેર દળવા જઈશ જો
ત્હમે જશો જો પરઘેર દળવા હું ગંટુલો થઈશ જો

રામ તમ્હારે બોલડીએ હું પરઘેર ખાંડવા જઈશ જો
ત્હમે જશો જો પરઘેર ખાંડવા હું સાંબેલું થઈશ જો

રામ તમ્હારે બોલડીએ હું જળ માં માછલી થઈશ જો
ત્હમે થશો જો જળમાં માછલી હું જળ મોજું થઈશ જો

રામ તમ્હારે બોલડીએ હું આકાશ વીજળી થઈશ જો
તમે થશોજો આકાશ વીજળી હું મેહુલિયો થઈશ જો

રામ તમ્હારે બોલડીએ હું બળીને ઢગલી થઈશ જો
ત્હમે થશો જો બળીને ઢગલી હું ભભૂતિયો થઈશ જો

## <u>આજે સૌને જય શ્રી કૃષ્ણ</u>

આજે સૌને જય શ્રી કૃષ્ણ કાલે વહેલા આવજો
હરિ ગુણ ગાવા હરિ રસ પીવા આવે તેને લાવજો

મન મંદિરના ખૂણે ખૂણે થીકચરો કાઢી નાખજો
અખંડ પ્રેમ તણી જ્યોતિને કાયમ જલતી રાખજો

વ્યવહારો પુરા કરીને પરમારથ માં રાચજો
સઘળી ફરજો અદા કરીને સત્સંગ મહી બેસજો

હરતાં ફરતાં કામજ કરતાં હૈયે હરિને રાખજો
માન બડાઈ મૂકી દઈને ઈર્ષા કાઢી નાખજો

હૈયે હૈયા ખૂબ મિલાવી હરિનું નામ દીપાવજો
ભક્તિ કેરું અમૃત પીને બીજાને પીવડાવજો

સૌમાં એક પ્રભુ બિરાજે સમજી પ્રીતિ બાંધજો
શંકરની શીખ હૈયે ધરીને હરિથી સુરતા સાધજો

આજે સૌને જાય શ્રી કૃષ્ણ કાલે વહેલા આવજો
હારી ગુણ ગાવા હરિ રસ પીવા આવે તેને લાવજો

## મીઠે રસસે ભરેલી રાધા રાની

મીઠે રસસે ભરેલી રાધા રાની લાગે
મને કારો કારો યમુનાજીનું પાણી લાગે

યમુનાજી તો શ્યામ સ્વરૂપે રાધા ગોરી ગોરી
વૃંદાવન મેં ધૂમ મચાયે બરસાને કી છોરી
વ્રજધામ રાધાજી કી રાજધાની લાગે ---2 મને

કાન્હા નિત મુરલી મેં તેરે સુમિરે વારંવાર
કોટી રૂપ ધરે મનમોહન તઉં ન પાવેં પાર
રૂપરંગ કી છબીલી પટરાણી લાગે ---2 મને

ના ભાવે મુને માખણ મિસરી અબ નાકોઈ મીઠાઈ
મારી જીભડીયા ને તો ભાવે રાધા નામ મલાઈ
વૃષભાન કી લાલી તો ગુડધાણી લાગે ---2 મને

રાધા રાધા નામ જપત હૈ જે નર આઠોં ધામ
ઉનકી બાધા દૂર કરત હૈ રાધા રાધા નામ
રાધા નામમેં સફલ જીંદગાની લાગે ---2 મને

## <u>માડી તારું કંકુ ખર્યું</u>

માડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઉગ્યો
જગ માથે જાણે પ્રભુતા એ પગ મૂક્યો ---કંકુ

મંદિર સરજાયું ને ઘંટારવ ગાજ્યો
બ્રહ્મનો ચંદરવો મા એ આંખ્યું માં આંજ્યો
દીવો થાવા મંદિર નો ચાંદો આવી પૂગ્યો ---કંકુ

માવડી ની ડોક માં તારા ના મોતી
જનની ની આંખ્યું માં પુનમ ની જ્યોતિ
છડીરે પુકારી મા ની મોરલો ટહુક્યો ---કંકુ

નોરતાં ના રથ ના ઘુઘરા બોલ્યા
અજવાળી રાતે માં એ અમૃત ઢોળ્યાં
ગગન નો ગરબો માં ના ચરણો માં ઝૂક્યો ---કંકુ

## **કાના માંગુ તારી પાસ**

કાના માંગુ તારી પાસ મારી પૂરી કરજે આશ
કર જોડીને માંગુ હું તો એટલું
મને એકવાર દર્શન આપજે

માથે મુગુટ સોહાય કાને કુંડળ સોહાય
કાના ને તિલક કેસર નું ભાલ માં ---મને

દાંત દાડમ કેરી કળિયો હાથે વીંટી હીરે જડીયો
તારું મુખડું પુનમ કેરો ચાંદ રે ---મને

હાથે બાજુબંધ સોહે પગમાં ઝાંઝરીયા ઝમકે
તારા મુખ પર વારી વારી જાવું રે ---મને

તું તો ગોકુળ માં ગાયો ચારે ગોપીઓ નું માખણ ભાવે
તું તો નંદ જશોદા નો લાલ રે ---મને

કદમ કેરી ડાળે ચડતો ગોપીઓ ના ચીર હરતો
તારી મોરલી નો નાદ સંભળાય રે ---મને

ભક્તો કહે કર જોડી મારી વિનંતિ સુણજો થોડી
મારા હૃદય ના સુણજો પોકાર રે ---મને

ભક્ત મંડળ કહે કર જોડી અમારી અરજી છે થોડી
તમે એક વાર દર્શન આપજો ---મને

## **<u>કરી તો જુવો કોઈ કરી તો જુવો</u>**

કરી તો જુવો કોઇ કરી તો જુવો મારો હરિ જે કરે તે કરી તો જુવો

કાદવ માં વ્હાલે રૂડું કમળ બનાવ્યું સમુદ્ર ને હાથે થી ઉલેચી જુવો
---મારો

બાગ બગીચા વળી વન ની વનરાયું ને ફૂલડાં માં ફોરમ ભરી તો જુવો
---મારો

સૂર્ય ચંદ્ર ને વળી નવલખ તારલા આકાશ ને અધ્ધર કોઈ રાખી તો જુવો
---મારો

પ્રકાશ પવન ને મન દોડે છે એમાં સ્થિરતા કોઈ લાવી તો જુવો
---મારો

મોહ માયા ના રંગ ઘડી ઘડી બદલે મોર ના પીંછા માં રંગ ભરી તો જુવો
---મારો

પંચદેહ નું આ બન્યું છે રે પુતળું પુતળા માં પ્રાણ કોઈ ભરી તો જુવો
---મારો

સંસાર સાગર માં મારી નૈયા રે ડૂબે ભવસાગર પાર કોઈ કરી તો જુવો
---મારો

ભલે રે મળ્યા મારા અંતર ના સ્વામી ગોપી જેવો પ્રેમ રસ ભરી તો જુવો
---મારો

## મારૂ ઘર સાચવજે ગોવિંદા

મારૂ ઘર સાચવજે ગોવિંદા મારા આંગણિયા માં ખેલે રે

હું જમુના પાણી જાવું છું હું હમણાં દોડી આવું છું
મેં ડેલી ખાલી વાસી છે ---મારૂ

ગોપી તો જળ ભરવા ચાલ્યા રસ્તા માં સાસુ સામા મળીયા
વહુ કોના ભરોંસે ઘર મેલ્યા રે ---મારૂ

નંદજી નો છોરો રમે છે મારા લાલા સાથે ખેલે છે
મેં તો એના ભરોંસે ઘર મેલ્યા રે ---મારૂ

એ છોરો તો બહુ લુચ્ચો છે લુચ્ચો છે ને વળી જુઠ્ઠો છે
શીદ એના ભરોંસે ઘર મેલ્યા રે ---મારૂ

બાયજી આડું અવળું ના બોલો એ છોરો બહુ ડાહ્યો છે
મારા કાળજડા ની કોર છે ---મારૂ

ગોપી તો જળ ભરવા ચાલ્યા ત્યાંતો ભુદરે ભુવન ઉઘાડ્યાં છે
શીકે થી માટ ઉતાર્યા છે ---મારૂ

ગોપી તો જળ ભરીને આવ્યાં કાના ના તોફાનો દીઠા રે
મારા ઘરમાં તો રેલમછેલ રે ---મારૂ

મારી મહીં ની ગોળી ફોડી છે મારી ચૂલા ની તાવડી તોડી છે
મારા રસોડા અભડાવ્યાં છે ---મારૂ

ઓશિયાળા થઇ ને ઉભા છે બહુ રોતાં રોતાં ઉભા છે
જશોદા મા એ તેડી લીધા છે ---મારૂ

શ્રી વલ્લભ નો સ્વામી શામળિયો ભક્ત મંડળ નો રખવાળો
મારી આંખલડી નો તારો છે ---મારૂ

## <u>હો ડાકોરવાળા તારે ને મારે</u>

હો ડાકોરવાળા તારે ને મારે ભાઈબંધી
હો ભાઈબંધી રે ભાઈ ભાઈબંધી

તું ગોકુળ માં ગાયો ચરાવતો તો
તું  ગોપીઓ ના માટ ઉતારતો તો
તું અમને ખૂબ ખિજાવતો તો          ---હો

અમે યમુનાની રેતી માં રમતા તા
દહીં ભાત ને ઢેબરાં જમતા તા
તને ગોવાળિયા બહુ ગમતા તા         --હો

તેં કાલિય મર્દન કર્યા હતા
તેં યમુના જળ ને મીઠા કર્યા તા
તેં મામા માસી ને સંહાર્યા તા            ---હો

તું મીઠી મીઠી મોરલી બજાવતો તો
તું સુતેલા હૈયા જગાડતો તો
તું ભીતિ અમારી ભગાડતો તો          ---હો

તું ડાકોર નો ઠાકોર થઈ બેઠો
તારા બાદશાહી ઠાઠ નો નહીં નેડો
આવ ભેટી એ જરા ઉતર હેઠો          ---હો

મારી પ્રીતિ પુરાણી યાદ રાખજે
એક અમી દ્રષ્ટિ મુજ પર નાખજે
ભક્ત મંડળ ને ચરણોં માં રાખજે       ---હો

## **જેને ભક્તિમાં આનંદ**

જેને ભક્તિમાં આનંદ એને સઘળે વૃંદાવન
જેને સત્સંગી નો છે સંગ એને સઘળે વૃંદાવન

હરતા ફરતાં નામ જે હરિ નું જેનું હૈયું ગાતું
જેનું મુરલીધર માં મન એને સઘળે વૃંદાવન

જીવનદોરી સોંપી જેણે શામળિયા ને હાથ
જેનું પ્રભુ ચરણ માં મન એને સઘળે વૃંદાવન

નંદકુંવર ના નામની જેણે માથે ઓઢી ચુંદડી
જેને રાધા વર નો સંઘ એને સઘળે વૃંદાવન

દામોદર ના દર્શન માટે તરસે જેની આંખડી
જેને લાગી એક લગન એને સઘળે વૃંદાવન

ભક્તમંડળએના ગુણલા ગાતા ગાંડા ઘેલા થઈ જાતા
જેને શ્રીજી બાબા નો સંગ  એને સઘળે વૃંદાવન

## <u>ઓ વિશ્વપતિ તારા વિશ્વાસે</u>

ઓ વિશ્વપતિ તારા વિશ્વાસે
મારો ચાલે છે વહેવાર રહીશ ના દૂર

મારે આંટી ઘૂંટી આવે છે તેનો તુંજ નિવેડો લાવે છે
જ્યાં જ્યાં મારી ભૂલો થાયે ત્યાં તુજ મુને સમજાવે છે
આ ભૂલા પડેલા ભવરણ માં મને તારો છે આધાર ---રહીશ ના

મારે પળ પળ તારૂં કામ પડે મારી વારે વારે ભૂલ પડે
તુજ વિણ વ્હાલા વારંવાર વ્હારે મારી કોણ ચઢે
ઓ દિન દુઃખિયા ના દીનબંધુ મારો તારે માથે ભાર ---રહીશ ના

મારો વહીવટ તું સાંભળી લે મને નિર્લજ જાણી પાળી લે
મનોવૃત્તિ મારી મારી માયા માં થી તારા ચરણ માં વાળી લે
ભક્ત મંડળ તુજ સંગાથે કાયમ છે રહેવા તૈયાર ---રહીશ ના

## <u>વિધિ ના લખીયા લેખ લલાટે</u>

વિધિ ના લખીયા લેખ લલાટે એમજ થાય થાય થાય

શ્રવણ કાવડ લઈને ફરતો સેવા માતપિતા ની કરતો
તીરથે તીરથે ડગલાં ભરતો ચાલ્યો જાય જાય જાય --- વિધિ ના

કરવા માતપિતા ની સેવા શ્રવણ જાયે પાણી ભરવા
ઘડૂલો ભરતાં મૃગલા જેવો અવાજ થાય થાય થાય ---વિધિ ના

દશરથ મૃગયા રમવા આવે મૃગલો જાણી બાણ ચલાવે
બાણે શ્રવણ નો જીવ ચાલ્યો જાય જાય જાય ---વિધિ ના

અંધા માતપિતા ટળવળતા દીધો શાપ જ મરતાં મરતાં
દશરથ પુત્ર વિયોગે જીવડો તારો જાય જાય જાય ---વિધિ ના

જયારે રામજી વન સંચરીયા દશરથ પુત્ર વિયોગે મરીયા
પુનિત કહે છે દુઃખ ના દરિયા ઉભરાઈ જાય જાય જાય ---વિધિ ના

## <u>નંદલાલ આવજો હો આજે એકાદશી</u>

નંદલાલ આવજો હો આજે એકાદશી
આનંદ વધારજો હો આજે એકાદશી

ગોકુળ ના ગોઠિયા ને સાથે રે લાવજો
સખીઓ ની સાથે રાણી રાધા ને લાવજો
રાસ રચાવજો હો ---આજે

આસોપાલવ ના વ્હાલા તોરણ રચાવશું
દ્વારે દ્વારે નાથ તોરણ બંધાવશું
દેવ દયા લાવજો હો ---આજે

મન ના મંદિરયા માં આસનિયાં ઢાળશું
તન માં ત્રિકમજી તમને પધરાવશું
ફૂલડે વધાવશું હો ---આજે

સોળસે સખીઓ નો રાસ રચાવશું
વચમાં ઘનશ્યામ પહેલા તમને પધરાવશું
બંસી બજાવજો હો ---આજે

જશોદા ના કાન તમે વહેલા વહેલા આવજો
દાસ દયાની એક અરજી સ્વીકારજો
દર્શન આપજો હો ---આજે

## **મારે એકાદશી નો ઉપવાસ**

મારે એકાદશી નો ઉપવાસ રે
મારે આંગણે પધાર્યા અવિનાશ રે
આજે પૂરી મારા મનડા ની આશ રે --- મારે એકાદશી

પગના અવાજે મેં તો પારખ્યા પ્રીતમ ને
લટકા કરી ને એણે લલચાવ્યું મન ને
ગમે એના એના મન ની મીઠાશ રે ---મારે એકાદશી

આસન આપીને મેં તો બેસાડ્યા શ્યામ ને
પ્રેમ થી પૂજ્યા મેં તો અંતર ના આ રામ ને
આજે ઉછળે છે મન માં ઉલ્લાસ રે ---મારે એકાદશી

નખશીશ જોઈ રહી નંદજી ના લાલ ને
દર્શન નું સુખ મળ્યું મારા નયન ને
એના ચરણો માં કીધો મેં વાસ રે ---મારે એકાદશી

નયનો મીંચાયા મારા નટવર ના ધ્યાન માં
ગોવિંદ ગુલતાન બન્યા ગોવિંદ ના ગાન માં
મેં તો લીધો પ્રેમ કેરા પાસ માં ---મારે એકાદશી

## **થાળ-મારે મંદિરિયે આજે કીધા છે**

**થાળ**

મારે મંદિરિયે આજે કીધા છે ભોજનિયાં મન ભાવતા
વ્હેલા વ્હેલા આવજો કાન્હ વાર ન લાગે આવતા

સ્વાગત માં પુષ્પો ની માળા તૈયાર છે
કોમળ કળીઓ થી ગૂંથેલા હાર છે
આનંદ થાશે હૈયા માં પ્રેમ થી પહેરાવતાં --- વહેલા વહેલા

રૂપાના બાજઠ ને કંચન નો થાળ છે
સ્નેહ ભરી સામગ્રી સઘળી તૈયાર છે
એક પછી એક હું માંડુ પીરસવા
આવે ઉછાળો ધરાવતા ---વહેલા વહેલા

બુંદી ના લાડુ ને માવા ની ધારી
પિસ્તા ની બરફીને સેવ સુંવાળી
પ્રેમ થી આરોગજો લચપચતા લાડુ
થાક લાગ્યો છે લાડુ વાળતાં ---વહેલા વહેલા

દૂધી મોં હલવો ને પુરણપોળી
બેપડી રોટલી ઘીમાં ઝબોળી
મગજ મેસુર ને મોહનથાળને
વાર લાગી છે બનાવતાં ---વહેલા વહેલા
શાક કીધાં છે મેં તો વિધ વિધ જાતના
કરવા વખાણ શું કેશરીયા ભાત ના
કઢી ને દાળની વાત અનેરી
મહેંક આવે છે ધરાવતાં ---વહેલા વહેલા

જળ મારા ઘર નું જમુનાજી નું જાણજો
મુખવાસ કરી વહાલા વાત મારી માનજો
ભક્ત મંડળ ને ઘેર રોજ રોજ આવજો
થાકું ના તમને જમાડતાં ---વહેલા વહેલા

## થાળ -મારા રસ ભીના તમને

### થાળ

મારા રસ ભીના તમને શું કરી જમાડું
જેને હાથે જીવન દોર તમને શું કરી જમાડું

તારૂં આપ્યું લેવું ને તારૂં દીધેલ દેવું
એમાં મારૂં નહીં તલ ભાર ---તમને

આખી દુનિયા નું પોષણ કરનારો મારૂં શું ખાનારો
હું છું જનમ જનમ નો ચોર ---તમને

પ્રેમ થી પીરસી પતરાળી સ્નેહ ભરી
છે મુખવાસ બે કર જોડી ---તમને

ભક્ત ના હૈયા માં પોઢો સ્નેહ ની ઓઢો
આવો વહાલા નંદ કિશોર ---તમને

## ૐ તત સત શ્રી નારાયણ

ૐ તત સત શ્રી નારાયણ તું પુરુષોત્તમ ગુરુ તું
સિધ્ધ બુધ્ધ તું સ્કન્દ વિનાયક સવિતા પાવક તું

બ્રહ્મ મજદ તું યવહઃ શક્તિ તું ઈશુ પિતા પ્રભુ તું
રુદ્ર વિષ્ણુ તું રામ કૃષ્ણ તું રહીમ તાઓ તું

વાસુદેવ તું ગો વિશ્વરૂપ તું ચિદાનંદ હરિ તું
અદ્વિતિય તું અકાલ નિર્ભય આત્મલિંગ શિવ તું --- ૐ તત સત

## **અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા**

અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા
ઊંડા અંધારે થી પ્રભુ પરમ તેજે તું લઈ જા

મહા મૃત્યુ માં થી અમૃત સમીપે નાથ લઈ જા
તું હિણો હું છું તો તું જ દરશ ના દાન દઈ જા

## **ધર્મ અમારો એક માત્ર**

ધર્મ અમારો એક માત્ર એ સર્વ ધર્મ સેવા કરવી
ધ્યેય અમારું છે વાત્સલતા વિશ્વમહીં એને ભરવી

સકળ જગતની બની જનેતા વાસ્તલતા સહુ માં રેડું
એજ ભાવના ના અનુયાયી બનવાને સહુ ને તેડું

નાત જાત ના ભેદ અમોને લેશ નથી કઈ આભડતા
દેશ વેશ ના શિષ્ટાચારો વિકાસ માટે નહિ નડતા

નિર્ભય બનીને જાનમાલ ની પરવા કદીએ ના કરીએ
અમ માલિકી ની વસ્તુનો મૂઢ સ્વાર્થ પણ પરિહરિએ

બ્રહ્મચર્ય ની જ્યોત જગાવી સત્ય પ્રભુ ને મંદિરિયે
જગ સેવા ને આંચ ન આવે એ વ્યવસાયો આચરીએ

સદગુણ સ્તુતિ કરીએ સહુની નિંદાથી ન્યારા રહીએ
વ્યસનો ત્યજીએ સદગુણ સજીએ ટાપટીપ ખોટી ત્યજીએ

ખાવું પીવું હરવું ફરવું સૂવું જાગવું ને વદવું
સર્વ ક્રિયાઓ કરતાં પહેલાં પાપવિકારો થી ડરવું

છતાં થાય ગફલત જે કંઈ તો ક્ષમા માંગી હળવાં થઈએ
સર્વ ક્ષેત્ર માં રહીએ તોપણ આત્મ ભાન નહિ વિસ્મરીએ

## **જ્યોતિરૂપ તું તારણહાર**

જ્યોતિરૂપ તું તારણહાર અંબા તું છે સૌ ની માત
અંબા બહુચર તારું નામ ભવસાગર તરવાનું ઠામ

ભુવનેશ્વરી ભીડ ભાગો માત શરણે આવ્યા તારા બાળ
બેઉં કરજોડી લાગું પાય શાંતિ ભક્તિ દેજો માત

મારા મન ની એ અભિલાષ દર્શન આપ તું અંબે માત
વિનંતી મારી સુણજો માત તુજ ચરણોં માં કરજો વાસ

## **સ્વીકારજો છેલ્લી અમારી પ્રાર્થના**

સ્વીકારજો છેલ્લી અમારી પ્રાર્થના
ઊંડી છે અંતર ની ભાવના ---સ્વીકારજો

આવે પડતી ના દિન હ્રદય મુંજાય છે
લાખો જીવો મૃત્યુ મુખે હોમાય છે
ઉગારો એવા તોફાન માં ---સ્વીકારજો

દિન બાળક ને દુઃખ થી ઉગારજો
દુઃખ જો ભાગો તો માઈ મોટો ઉપકાર છે
ઉતારો અરજી એ ધ્યાન માં ---સ્વીકારજો

દુઃખી આ બાળક ની લાજ તમારે હાથ છે
સમજો છો મૈયા મારી છેલ્લી છે પ્રાર્થના
કહું છું હું પ્રેમ ના પ્રભાત માં ---સ્વીકારજો

## મંદિર તારું વિશ્વ રૂપાળું

મંદિર તારું વિશ્વ રૂપાળું સુંદર સરજનહારા રે
પળ પળ તારા દરશન થાયે દેખે દેખનહારા રે ---મંદિર

નહીં પૂજારી નહિ કોઈ દેવા નહીં મંદિર ને તાળા રે
નીલ ગગન માં મહિમા ગાતાં ચાંદો સૂરજ તારા રે ---મંદિર

વર્ણન કરતાં શોભા તારી થાક્યા કવિગણ ધીરા રે
મંદિર માં તું ક્યાં છુપાયો શોધે બાળ અધીરાં રે --- મંદિર

## કોની જુએ છે તું વાટ

કોની જુએ છે તું વાટ અભાગી કોની જુએ છે વાટ
કોણ રે આવી નાવ લાવી તુજ નાંગરશે ઉરઘાટ ---કોની

ઊઠ ઊભો થા ઝાલી લે લાકડી લઈ લે તારે કાંધે તું ગાંસડી
આવવાનું નથી કોઈ તેથી ના રહેવું રોઈ
જાવાનું છે તારે થાવાનું છે તારે નાના મટી ને વિરાટ ---કોની

આફત આવશે આભથી ઊતરી લેશે ધરા નિજ દુઃખમાં જોતરી
તોય છે તારે માથે થઈ એક જવું સહુ સાથે
લેખ લખ્યા છે માનવી તારે એકજ ભવ્ય લલાટ ---કોની

## તું તારા દિલ નો દીવો થાને

તું તારા દિલ નો દીવો થાને ઓ રે ઓ રે ઓ ભાયા

રખે કદી તું ઉછીના લેતો પારકા તેજ ને છાયા
એરે ઉછીના ખૂટી જશે ને રહી જશે પડછાયા ---ઓ રે

આભમાં સૂરજ ચંદ્ર ને તારા મોટા મોટા તેજ રાયા
આતમનો તારો દીવો પેટાવવા તું વિણ સર્વ પરાયા ---ઓ રે

કોડિયું તારું કાચી માટી નું તેલ દિવેટ છુપાયા
નાની શી સળી અડી ના અડી પ્રગટશે રંગ માયા ---ઓ રે

## ના દો તો પ્રભુ ભલે ન દેશો દર્શન

ના દો તો પ્રભુ ભલે ન દેશો દર્શન તમારા આ ને આ જન્મે મારા
મિલન હજુ નથી થયું તમારું એના ભણકારા રહેજો અંતર માં મારા
ભૂલું નહિ શયને કે સપને શલ્ય જેવા સાલો મન ને
---મિલન

આ સંસારી ગુજરી માં મુજ ઝાઝા કે થોડા ગુજરજો જીવન ના દહાડા
ધન ના ઢગલા વડે ભરાજો હાથ ભલે મારા લાધજો સુખ અપરંપારા
ખરી કમાણી કશી ન થઈ હજુ એના ભણકારા
---મિલન

વાટ વચ્ચે ભરાય અંગો આળસ થી મારા વધે ના આગળ પગ મારા
ભોંય ઉપર હું ભલે પડી રહું ગાત્રો આ મારા પસારી ને હિમતહારા
આખી વાટ હજુ રહી બાકી એના ભણકારા રહેજો અંતર માં મારા
---મિલન

મંગળવાદ્યો મચી રહે ને આનંદફુવારા ભરી દે મંદિરીયા મારા
ઓચ્છવ રંગે ભલે જ રમીએ ઘરનાં જન સારા સજીને શણગારો સારા
તમે હજુ ઘેર નથી પધાર્યા એના ભણકારા
---મિલન

## **હમકો મન કી શક્તિ દેના**

હમકો મન કી શક્તિ દેના મન વિજય કરે
દૂસરોં કી જય સે પહેલે ખુદકી  જય કરે

ભેદભાવ અપને દિલ સે સાફ કર શકે
જૂઠ સે બચે રહે સચ કદમ ભર---દૂસરોં

મુશ્કિલેં પડે હમ પે તો ઇતના કર્મ કર
સાથ દે તો ધર્મ કા ચલે તો ધર્મ પર
ખુદ પે હોંસલા રહે બદી સે ના ડર ---દૂસરોં

## **રાધાને માલા જપી શ્યામ કી**

રાધાને માલા જપી શ્યામ કી
મૈને ઓઢી ચુનરિયા તેરે નામ કી  --2

પ્રીતિ ક્યા જૂડી ડોર ક્યાં બંધી
બિના જતન બિના હો ગઈ મૈં નઈ
બિના મોલ કી મૈં બિકી બિના દામ કી   --રાધા

ક્યા તરંગ હૈ ક્યા ઉમંગ હૈ
મોહે અંગ અંગ રચા પી કા રંગ હૈ
શર્મ આયી કૈસે કહું બાત શ્યામ કી    ---રાધા

પા લિયા તુજે પાઈ હર ખુશી ચાહું
બાર બાર ચઢું તેરી પાલકી
સુબહ શ્યામ કી યે પ્યાસ બડે કામકી   --રાધા

## કૃષ્ણ ગોવિંદ ગોપાલ ગાતે ચલો

કૃષ્ણ ગોવિંદ ગોપાલ ગાતે ચલો
અપની મુક્તિકા મારગ બનાતે ચલો

કામ કરતે રહો નામ જપતે રહો
પાપ કરનેસે હરદમ ઉગરતે રહો
નામ ધનકા ખજાના બઢાતે ચલો ----કૃષ્ણ

લોગ કહેતે હૈ ભગવાન આતે નહીં
દ્રૌપદી કી તરહ તુમ બુલાતે નહીં
શોર ગજકી તરહસે સુનાતે ચલો ----કૃષ્ણ

લોગ કહેતે હૈ ભગવાન ખાતે નહીં
શબરી કી તરહ તુમ ખિલાતે નહીં
સાગ વિદુર કી તરહ સે ખિલાતે ચલો --કૃષ્ણ

સુખ મેં ભૂલો નહીં દુઃખ મેં હારો નહીં
અપને દિલ સે પ્રભુ કો વિસારો નહીં
માયા ઝાળ સે દિલકો હટાતે ચલો ----કૃષ્ણ

દયા આવેગી ઉનકો કભી ના કભી
બસ પાવેંગે દર્શન કભી ના કભી
યહી વિશ્વાસ દિલ મેં જગાતે ચલો ----કૃષ્ણ

સુનતે આયે અનાથોં કે વો નાથ હૈ
અપને ભક્તો કે રહેતે સદા પાસ હૈ
મનમેં પ્રભુ કા સ્મરણ સદા કરતે રહો ---કૃષ્ણ

## મોહે પનઘટ પે નંદલાલ

મોહે પનઘટ પે નંદલાલ છેડ ગયો રે
હાં -મોરી નાજુક કલૈયા મરો-ર ગયો રે -- મોહે

કંકરી મોહે મારી ગગરીયા ફોડ ડાલી
હાય ગગરીયા ફોડ ડાલી
મોરી સારી અનારી ભીગોય ગયો રે --મોહે

નૈનો સે જાદુ કિયા જિયરા મોહ લિયા
હાય જિયરા મોહ લિયા
મોરા ઘૂંઘટા નજરિયા સે તોડ ગયો રે --મોહે

## વૃંદાવન કા કૃષ્ણ કનૈયા

વૃંદાવન કા કૃષ્ણ કનૈયા
સબ કી આંખોકા કે તારા
મન હી મન ક્યોં જલે રાધિકા
મોહન તો હૈ સબકા પ્યારા --વૃંદાવન કા

જમુના તટ પર નંદ કા લાલા
જબ જબ રાસ રચાયે રે
તન મન ડોલે કાન્હા
એસી બંસી મધુર બજાયે રે
સુધ બુધ ખોઈ ખડી ગોપીયાં
જાણે કૈસા જાદુ ડાલા ---વૃંદાવન કા

રંગ સલોના એસા જૈસે
છાયી હો ઘટ સાવનકી
યે -રી મૈં તો હુઈ દિવાની
મન મોહન મન ભાવન કી
તેરે કારવાં દેખ સાંવરે
છોડ દિયા મૈને જગ સારા ---વૃંદાવન કે

## દર્શન દો ઘનશ્યામ નાથ

દર્શન દો ઘનશ્યામ નાથ મોરી અખિયાં પ્યાસી રે
મન મંદિર કી જ્યોતિ જગા દો ઘટ ઘટ બાસી રે ---- ----દર્શન

મંદિર મંદિર મૂરત તેરી ફિર ભી ન દીસે સૂરત તેરી
યુગ બીતે ના આઈ મિલન કી પૂરણમાસી રે ---- ---- દર્શન

દ્વાર દયા કા જબ તું ખોલે પંચમ સૂર મેં ગૂંગા બોલે
અંધા દેખે લંગડા ચલકર પહુંચે કાશી રે ---- ---- ---દર્શન

પાની પીકર પ્યાસ બુઝાઉં નૈનન કો કૈસે સમજાઉં
આંખ મીંચોલી અબ તો છોડો મન કે બાસી રે --- ---દર્શન

## શ્રી રામચંદ્ર કૃપાળુ ભજ મન

શ્રી રામચંદ્ર કૃપાળુ ભજ મન હરન ભવભય દારૂણમ
નવકંજ લોચન કંજમુખ કર કંજ પદ કંજારુણમ

કંદર્પ અગણિત અમિત છબી નવનીલ નીરજ સુંદરમ
પટપીત માનહુ તડિત રૂચિ શુચિ નૌમિ જનક સુતાવરમ

ભજ દીનબંધુ દિનેશ દાનવ દૈત્ય વંશ નિકંદનમ
રઘુનંદ આનંદ કંદ કૌશલ ચંદ દશરથ નંદન મ

શિર મુકુટ કુંડળ તિલક ચારુ ઉદાર અંગ વિભૂષણમ
આજાનુ ભુજ શર ચાપધર સંગ્રામ જિત ખરદૂષણમ

ઈતિ વદતિ તુલસીદાસ શંકર શેષ મુનિમનરંજનમ
મમ હૃદયકુંજ નિવાસ કરું કામાદિ ખલદલ ગંજનમ

**શ્રીમદ ભગવદ ગીતા - અધ્યાય -15-પુરુષોત્તમયોગ**

ऊर्ध्व मूल मधः शाख मश्वत्थं प्राहुरव्ययम् ।
छन्दांसि यस्य पर्णानि यस्तं वेद स वेदवित् ॥१५-१॥

अधश्चोर्ध्वं प्रसृतास्तस्य शाखा, गुणप्रवृद्धा विषयप्रवालाः ।
अधश्च मूला न्यनुसंततानि, कर्मानुबन्धीनि मनुष्यलोके ॥१५-२॥

न रूपमस्येह तथो पलभ्यते, नान्तो न चादिर्न च संप्रतिष्ठा ।
अश्वत्थमेनं सुविरूढमूलम् , असङ्गशस्त्रेण दृढेन छित्त्वा ॥१५-३॥

ततः पदं तत्परिमार्गितव्यं, यस्मिन्गता न निवर्तन्ति भूयः ।
तमेव चाद्यं पुरुषं प्रपद्ये, यतः प्रवृत्तिः प्रसृता पुराणी ॥१५-४॥

निर्मानमोहा जितसङ्गदोषा, अध्यात्मनित्या विनिवृत्तकामाः ।
द्वन्द्वैर्विमुक्ताः सुखदुःखसंज्ञै, र्गच्छन्त्यमूढाः पदमव्ययं तत् ॥१५-५॥

न , तद्भासयते , सूर्यो , न शशाङ्को न पावकः ।
यद्गत्वा न, निवर्तन्ते , तद्धाम, परमं मम ॥१५-६॥

ममैवांशो, जीवलोके, जीवभूतः सनातनः ।
मनः षष्ठा नीन्द्रियाणि, प्रकृति स्थानि कर्षति ॥१५-७॥

शरीरं यदवाप्नोति, यच्चा प्युत्क्रामतीश्वरः ।
गृहित्वैतानि संयाति, वायु गन्धा निवाशयात् ॥१५-८॥

श्रोत्रं चक्षुः स्पर्शनं च, रसनं घ्राणमेव च ।
अधिष्ठाय मनश्चायं, विषया नुपसेवते ॥१५-९॥

उत्क्रामन्तं स्थितं वापि, भुञ्जानं वा गुणान्वितम् ।
विमूढा नानुपश्यन्ति, पश्यन्ति ज्ञान चक्षुषः ॥१५-१०॥

यतन्तो योगिनश्चैनं, पश्यन्त्यात्म न्यवस्थितम् ।
यतन्तोऽ प्यकृता त्मानो , नैनं पश्यन्त्य चेतसः ॥१५-११॥

यदादित्य गतं तेजो जगद्भासयते ऽखिलम् ।
यच्चन्द्रमसि यच्चाग्नौ तत्तेजो विद्धि मामकम् ॥१५-१२॥

गामाविश्य च भूतानि धारया म्यह मोजसा ।
पुष्णामि चौषधीः सर्वाः सोमो भूत्वा रसात्मकः ॥१५-१३॥

अहं वैश्वानरो भूत्वा, प्राणिनां देहमाश्रितः ।
प्राणा पान समायुक्तः , पचाम्यन्नं चतुर्विधम् ॥१५-१४॥

सर्वस्य चाहं हृदि संनिविष्टो, मत्तः स्मृतिर्ज्ञान मपोहनं च ।
वेदैश्च सर्वैरहमेव वेद्यो, वेदान्त कृद्वेदविदेव चाहम् ॥१५-१५॥

द्वाविमौ पुरुषौ लोके, क्षरश्चाक्षर एव च ।
क्षरः सर्वाणि भूतानि, कूटस्थोऽक्षर उच्यते ॥१५-१६॥

उत्तमः पुरुषस्त्वन्यः, परमात्मे त्युदाहृतः ।
यो लोकत्रय माविश्य, बिभर्त्य व्यय ईश्वरः ॥१५-१७॥

यस्मा त्क्षर मतीतोऽ हम्, अक्षरादपि चोत्तमः ।
अतोऽस्मि लोके वेदे च, प्रथितः पुरुषोत्तमः ॥१५-१८॥

यो मामेव मसंमूढो, जानाति पुरुषोत्तमम् ।
स सर्व विद्भजति मां, सर्वभावेन भारत ॥१५-१९॥

इति गुह्यतमं शास्त्र, मिदमुक्तं मयानघ ।
एतद् बुद्ध्वा बुद्धि मान्स्यात्, कृत कृत्यश्च भारत ॥१५-२०॥

ॐ तत्सदिति श्रीमद भगवद् गीता सुपनिषत्सु
ब्रह्म विद्यायां योगशास्त्रे श्री कृष्णार्जुन संवादे
पुरुसोत्तमयोगो नाम पन्चदसोध्ययः ।

। श्री कृष्णार्पणमस्तु ।

एवं सतत युक्ता ये भक्तास्त्वां पर्युपासते ।
ये चाप्यक्षर मव्यक्तं तेषां के योगवित्तमाः ॥१२-१॥

मय्यावेश्य मनो ये मां नित्ययुक्ता उपासते ।
श्रद्धया परयो पेतास्ते मे युक्ततमा मताः ॥१२-२॥

ये त्वक्षर मनिर्देश्य मव्यक्तं पर्युपासते ।
सर्वत्र गमचिन्त्यं च कूटस्थ मचलं ध्रुवम् ॥१२-३॥

संनि यम्येन्द्रिय ग्रामं सर्वत्र समबुद्धयः ।
ते प्राप्नुवन्ति मामेव सर्वभूत हिते रताः ॥१२-४॥

क्लेशो ऽधिकतर स्तेषा मव्यक्ता सक्त चेतसाम् ।
अव्यक्ता हि गतिर्दुःखं देह वद्भिर वाप्यते ॥१२-५॥

ये तु सर्वाणि कर्माणि मयि संन्यस्य मत्पराः ।
अनन्ये नैव योगेन मां ध्यायन्त उपासते ॥१२-६॥

तेषामहं समुद्धर्ता मृत्यु संसार सागरात् ।
भवामि नचिरात्पार्थ मय्यावेशित चेतसाम् ॥१२-७॥

मय्येव मन आधत्स्व मयि बुद्धिं निवेशय ।
निवसिष्यसि मय्येव अत ऊर्ध्वं न संशयः ॥१२-८॥

अथ चित्तं समाधातुं न शक्नोषि मयि स्थिरम् ।
अभ्यास योगेन ततो मामिच्छाप्तुं धनंजय ॥१२-९॥

अभ्यासेऽ प्यसमर्थोऽ सि मत्कर्म परमो भव ।
मदर्थमपि कर्माणि कुर्व न्सिद्धि मवा प्स्यसि ॥१२-१०॥

अथै तदप्य शक्तोऽसि कर्तुं मद्योगमाश्रितः ।
सर्व कर्म फल त्यागं ततः कुरु यतात्म वान् ॥१२-११॥

श्रेयो हि ज्ञान मभ्यासा ज्ज्ञाना द्ध्यानं विशिष्यते ।
ध्याना त्कर्म फल त्याग स्त्यागा च्छान्ति रन न्तरम् ॥१२-१२॥

अद्वेष्टा सर्वभूता नां मैत्रः करुण एव च ।
निर्ममो निरहंकारः सम दुःख सुखः क्षमी ॥१२-१३॥

संतुष्टः सततं योगी यतात्मा दृढ निश्चयः ।
मय्य र्पित मनो बुद्धि र्यो मद्भक्तः स मे प्रियः ॥१२-१४॥

यस्मा न्नो द्विजते लोको लोकान्नो द्विजते च यः ।
हर्षामर्ष भयोद्वेगै र्मुक्तो यः स च मे प्रियः ॥१२-१५॥

अनपेक्षः शुचिर्दक्ष उदासीनो गत व्यथः ।
सर्वारम्भ परित्यागी यो मद्भक्तः स मे प्रियः ॥१२-१६॥

यो न हृष्यति न द्वेष्टि न शोचति न काङ्क्षति ।
शुभा शुभ परित्यागी भक्ति मान्यः स मे प्रियः ॥१२-१७॥

समः शत्रौ च मित्रे च तथा माना पमानयोः ।
शीतोष्ण सुखदुःखेषु समः सङ्ग विवर्जितः ॥१२-१८॥

तुल्य निन्दा स्तुति र्मौनी सन्तुष्टो येन केनचित् ।
अनिकेतः स्थिर मति र्भक्ति मान्मे प्रियो नरः ॥१२-१९॥

ये तु धर्म्या मृत मिदं यथोक्तं पर्युपासते ।
श्रद्दधाना मत्परमा भक्ता स्तेऽतीव मे प्रियाः ॥१२-२०॥

ॐ तत्सदिति श्रीमद भगवद् गीता सुपनिषत्सु
ब्रह्म विद्यायां योगशास्त्रे श्री कृष्णार्जुन संवादे
भक्तियोगो नाम द्वादशोध्याय ।

। श्री कृष्णार्पणमस्तु ।